જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૮/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૧૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૫	૦	૧૧૬૩૫	૧૭૭૪૬	૦	૧૭૭૪૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૭	૦	૬૨૬૭
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૪	૦	૧૦૪	૩૬૧	૦	૩૬૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૬૭૬૫	૧૧૨	૬૬૮૭૭	૬૭૫૧૯	૧૧૮	૬૭૬૩૭
કુલ		૮૩૨૩૬	૧૧૨	૮૩૩૪૮	૯૧૮૯૩	૧૧૮	૯૨૦૧૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૧	૨,૮૬,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૨૧	૧૧,૨૧,૦૦૦/-

છેતરપિંડી અને વિશ્વાસઘાત ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

એ.ટી.એમ સેન્ટર ખાતે પૈસા ઉપાડવા જતા ઇસમોને એ.ટી.એમથી પૈસા કાઢી આપવામા મદદ કરવાના બહાને પિન નંબર જાણી લઇ એ.ટી.એમ કાર્ડ બદલી લઇ ખાતામાથી એ.ટી.એમ થી પૈસા ઉપાડી લઇ છેતરપિંડી અને વિશ્વાસઘાત કરતા ત્રણ આરોપીઓને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનના-૨ ગુના તથા કાગડાપીઠ પોલીસ સ્ટેશનનો-૦૧ ગુનો તથા માધુપુરા પોલીસ સ્ટેશનનો-૦૧ ગુનો મળી કુલ-૦૪ ગુના શોધી કાઢતી ઇસનપુર પોલીસ

ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૧૨૮૭૬/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૦૬,૪૨૦ મુજબના કામના ફરીયાદી હીરાબેન ભગવાનદાસ કોષ્ટી રહે,મ.નં સી/૭૭ ચિરાગ રો-હાઉસ તિર્થભુમિ ટેનામેન્ટ આગળ મોની હોટલની પાછળ ઇસનપુર અમદાવાદ શહેરનાઓની ફરીયાદના કામે ગઇ તા ૨૫/૦૭/૨૦૨૧ ના કલાક ૦૯/૦૦ વાગે ફરીયાદી ઘોડાસર ખાતે જીવણપાર્ક સોસાયટીની સામે આવેલ બેન્ક ઓફ બરોડાના એ.ટી.એમ સેન્ટરમા રૂપિયા ૨૦૦૦/- જમા કરાવવા માટે ગયેલા અને પૈસા ખાતામા જમા નહી થતા તે વખતે એ.ટી.એમ સેન્ટરમા ફરીયાદીની પાછળ ઉભા રહેલ અજાણ્યા ઇસમે ફરીયાદીને એ.ટી.એમમા પૈસા જમા કરવામા મદદ કરવાનુ જણાવી ફરીયાદીને પાકો વિશ્વાસ અને ભરોસો આપી ફરીયાદીનુ ATM કાર્ડ લઇ ફરીયાદી પાસે પિન નંબર નંખાવી જે પિન નંબર જોઇ લઇ ફરીયાદીની નજર ચુકવી ફરીયાદીનો ATM કાર્ડ બદલી લઇ ફરીયાદીને મહેશભાઇ રાવલ ના નામનુ ATM કાર્ડ આપી ફરીયાદીના ATM કાર્ડથી તા ૨૫/૦૭/૨૦૨૧ ના કલાક ૧૦/૧૮ વાગ્યાથી તા ૨૬/૦૭/૨૦૨૧ ના કલાક ૦૯/૫૪ વાગ્યા દરમ્યાનમા જુદાજુદા ટ્રાન્જેકસનથી કુલ રૂ.૪૦,૪૩૯/- ફરીયાદીના ખાતામાથી ATM કાર્ડથી ઉપાડી લઇ છેતરપિંડી અને વિશ્વાસઘાત કરેલ

સદર ગુનો દાખલ થયા બાદ મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી આવા ગુનાઓ શોધી કાઢવા સુચના આપતા જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.વી.રાણા સાહેબ નાઓના સીધા માર્ગ દર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓએ સર્વેલન્સ સ્કોડના માણસોની જુદી-જુદી ટીમો બનાવી બનાવવાળી જગ્યા તથા તેની આસપાસના સી.સી.ટી.વી ફુટેજ ચેક કરતા સી.સી.ટી.વી ફુટેજ એક ઇસમ ફરીયાદીની પાસે ઉભો રહેલ અને ફરીયાદીનુ એ.ટી.એમ કાર્ડ બદલતો જણાઇ આવેલ તથા એક ઇસમ એ.ટી.એમ સેન્ટરની બહાર ઉભો રહેલ જણાયેલ અને સી.સી.ટી.વી ફુટેજમા જણાતા ઇસમોના ફોટા તાબાના માણસોને આપી

બાતમીદારોથી તેઓની ઓળખ કરવા તથા શોધી કાઢવા જણાવતા સદર કુટેજમા જણાતો એક ઇસમની ઓળખ થયેલી અને તે ઇસમ શ્યામ ઉર્ફે ઢોલુ રામધુન ઉર્ફે ધનીરામ રાઠોડ રહે કુંભાજીની ચાલી ઓમપ્રકાશની લાઇન રામેશ્વર મેઘાણીનગર અમદાવાદ શહેરનાનો હોવાનુ અને તે અગાઉ સને-૨૦૨૦ મા આવા પ્રકારના ગુનાઓમા હિંમતનગર એસ.ઓ.જી મા પકડાયેલો હોવાનુ જણાઇ આવેલ જે કુટેજમા જણાતા ઇસમની તપાસમા હતા દરમ્યાનમા બાતમી હકિકત આધારે ગઇ તા ૦૧/૦૮/૨૦૨૧ ના કલાક ૧૩/૦૦ વાગે ગોવિંડવાડી પાસે આવેલ મ્યુનિસિપાલીટીના પાર્કિંગ આગળથી ત્રણ આરોપીઓ (૦૧) શ્યામ ઉર્ફે ઢોલુ સ/ઓ ધનીરામ પુન્નાલાલ રાઠોડ ઉ.વ ૨૩ રહે કુંભાજીની ચાલી ઓમપ્રકાશની લાઇન ગલી નં-૦૨ જોગણીમાતાના મંદિર પાસે રામેશ્વર મેઘાણીનગર અમદાવાદ શહેર મુળવતન ગામ-કરોલી માતા રોડ ગલ્લા મંડીની સામે અંભા તા-અંભા જી-મુરેના મધ્યપ્રદેશ તથા (૦૨) સમસુદ્દીનખાન ઉર્ફે લંબુ સ/ઓ મુન્નાખાન સિકંદરખાન મન્સુરી ઉ.વ ૩૦ રહે સંતોષનગર વોર્ડ નં-૧૦ બી.ટી.આઇ રોડ ભીંડ તા.જી-ભીંડ મધ્યપ્રદેશ તથા (૦૩) સતીષ પંચમસિંગ રાઠોડ ઉ.વ ૨૫ રહે,અંબેમાની ચાલી છેલ્લા બસ સ્ટેન્ડ બાપુનગર અમદાવાદ શહેર મુળવતન ગામ-રૂનીપુર તા-જ્યોરા જી-મુરૈના મધ્યપ્રદેશ નાઓને ઉપરોક્ત ગુનામા ગયેલ ફરીયાદીનુ અસલ એ.ટી.એમ કાર્ડ તથા તે સિવાય બીજા જુદાજુદા નામના જુદીજુદી બેન્કના એ.ટી.એમ કાર્ડ નંગ-૧૩ તથા રોકડા નાણા રૂપિયા ૪૦,૦૬૦/-તથા મોબાઇલ ફોન નંગ-૦૪ કિંમત રૂપિયા ૪૪,૩૦૦/-ના તથા સી.એન.જી રીક્ષા કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૧,૮૪,૩૬૦/-નો મુદ્દામાલ રીકવર કરી આરોપીઓનો કોરોના રીપોર્ટ નેગેટીવ તા ૦૨/૦૮/૨૦૨૧ ના કલાક ૧૩/૦૦ વાગે ગુનામા અટક કરવામા આવેલ અને ઇસનપુર પોલીસ સ્ટેશનના બે ગુના તથા કાગડાપીઠ પોલીસ પોલીસ સ્ટેશનનો એક ગુનો તથા માધુપુરા પોલીસ સ્ટેશનનો એક ગુનો મળી કુલ ચાર ગુના શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે તા ૦૩/૦૮/૨૦૨૧

શોધાયેલ ગુના;-

(૦૧) ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૧૨૮૭૬/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૦૬,૪૨૦,૧૧૪

(૦૨) ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૧૨૮૭૮/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૦૬,૪૨૦,૧૧૪

(૦૩) કાગડાપીઠ પોલીસ સ્ટેશન ગુના નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૫૨૧૧૫૪૬/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯

(૦૪) માધુપુરા પોલીસ સ્ટેશન ગુના નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૧૦૨૧૧૩૩૪/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૦૬,૪૨૦

કબુલાત કરેલ બીજા ગુના;-

(૦૧) વીસેક દિવસ પહેલા આરોપી શ્યામ ઉર્ફે ઢોલુ તથા સમસુદ્દીન ઉર્ફે લમ્બુ બન્નેએ બાવળા એસ.બી.આઇ બેન્કના એ.ટી.એમ સેન્ટર ખાતેથી એક ઇસમ એ.ટી.એમ મા પૈસા ઉપાડવા માટે આવેલ તેમને એ.ટી.એમ થી પૈસા કાઢવાનુ ફાવતુ ન હોય તેને પૈસા કાઢવામા મદદ કરવાનુ કહી પિન નંબર જાણી લઇ એ.ટી.એમ કાર્ડ બદલી લઇ તે એ.ટી.એમથી રૂપિયા ૨૪,૫૦૦/-કાઢી લીધેલા
(૦૨) એક મહીના પહેલા આરોપી શ્યામ ઉર્ફે ઢોલુ નાએ નડીયાદ એસ.બી.આઇ બેન્કની મેઇન બ્રાચની બાજુમા આવેલ એસ.બી.આઇ બેન્કના એ.ટી.એમ સેન્ટર એક ઇસમ એ.ટી.એમ મા પૈસા ઉપાડવા માટે આવેલ તેમને એ.ટી.એમ થી પૈસા કાઢવાનુ ફાવતુ ન હોય તેને પૈસા કાઢવામા મદદ કરવાનુ કહી પિન નંબર જાણી લઇ એ.ટી.એમ કાર્ડ બદલી લઇ તે એ.ટી.એમ કાર્ડથી રૂપિયા ૩૨,૦૦૦/-કાઢી લીધેલા
(૦૩) દોઢેક મહીના પહેલા આરોપી શ્યામ ઉર્ફે ઢોલુ તથા બબલુ ઠાકોર બન્નેએ ધોળકા કલીકુંડ ખાતે આવેલ એસ.બી.આઇ બેન્કના એ.ટી.એમ સેન્ટર ખાતેથી એક ઇસમ એ.ટી.એમ મા પૈસા ઉપાડવા માટે આવેલ તેમને એ.ટી.એમ થી પૈસા કાઢવાનુ ફાવતુ ન હોય તેને પૈસા કાઢવામા મદદ કરવાનુ કહી પિન નંબર જાણી લઇ એ.ટી.એમ કાર્ડ બદલી લઇ તે એ.ટી.એમથી રૂપિયા ૨૫,૦૦૦/-કાઢી લીધેલા
(૦૪) અઠવાડીયા પહેલા આરોપી શ્યામ ઉર્ફે ઢોલુ તથા સમસુદ્દીન ઉર્ફે લમ્બુ બન્નેએ ચંગોદર કેનાલ પાસે આવેલ એસ.બી.આઇ બેન્કના એ.ટી.એમ સેન્ટર ખાતેથી એક ઇસમ એ.ટી.એમ મા પૈસા ઉપાડવા માટે આવેલ તેમને એ.ટી.એમ થી પૈસા કાઢવાનુ ફાવતુ ન હોય તેને પૈસા કાઢવામા મદદ કરવાનુ કહી પિન નંબર જાણી લઇ એ.ટી.એમ કાર્ડ બદલી લઇ તે એ.ટી.એમથી રૂપિયા ૨૬,૫૦૦/-કાઢી લીધેલા

કામગીરી કરનાર ટીમ

(૧) જે.વી.રાણા સીનીયર પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન માર્ગ દર્શન અને સુચના
(૨) ડી.જે.લકુમ પોલીસ સબ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન-આરોપીઓને અટક કરનાર
(૩) એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓને પકડવામા સાથે મદદમા
(૪) અ.હેડ.કોન્સ જાકીરખાન મહેબુબખાન સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા
(૫) અ.હેડ.કોન્સ કુલદિપસિહ હરૂભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન- આરોપીઓ પકડવામા સાથે મદદમા
(૬) અ.હેડ.કોન્સ કિશનભાઇ ભીખાભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન- આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૭) અ.હેડ.કોન્સ પ્રભાતસિહ દેવુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન-----બાતમી

(૮) અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન-----બાતમી

(૯) લોકરક્ષક મનદિપસિહ નરવીનસિહ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન -----બાતમી

(૧૦) અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન ;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૧) અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૨) અ.પો.કો મયુરસિહ રમેશભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૩) લોકરક્ષક રોહીતસિહ નટુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૪) લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૫) લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૬) લોકરક્ષક વિજય મગનભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૭) લોકરક્ષક મહાવીરસિહ રણજીતસિહ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૧૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૨૫૭ લીટર દેશી દારૂ, ૧૬૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૧૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેરતપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૪૧૫/૨૦૨૧**

શહેરકોટડાઃ અમીતભાઇ બાબુભાઇ વાડેકર (ઉ.વ.૪૦) (રહે. ભક્તિ રેસીડેન્સી અનીલ સ્ટાર્ચ મીલ સામે બાપુનગર) એ તા.૦૩/૦૮/૨૦૨૧ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૪/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૬૬૯૮૧૪૧૧૦ ના ધારકે અમીતભાઈ વાડેકરને ફોન કરી આર.બી.એલ બેંકમાંથી વાત કરતા હોવાનુ જણાવી ક્રેડીટ કાર્ડની ક્રેડીટ વધારવાની વાત કરી અમીતભાઈ વાડેકરના આર.બી.એલ બેંકના ક્રેડીટ કાર્ડના છેલ્લા ચાર અંકો તેમજ અમીતભાઈ વાડેકરના મોબાઇલ ફોનમાં આવેલ ઓ.ટી.પી.નંબર મેળવી લઈ અમીતભાઈ વાડેકરના ક્રેડીટ કાર્ડમાંથી ઇન્ટરનેટના માધ્યમથી કુલ રૂપિયા ૮૦,૪૫૦/- ટ્રાંજેકશન કરી લઈ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.ડાભી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૪૧૬/૨૦૨૧**

સરદારનગરઃ વિલ્સન જેમ્સ ક્રિચ્યન (રહે. શાંતિ શરણ ફ્લેટ પાર્થના સ્કુલની બાજુમાં નોબલનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૮/૨૦૨૧ રાતના ૮/૩૦ થી તા.૦૩/૦૮/૨૦૨૧ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન કુબેરનગર રાજાવીર રોડ ખાતે વિક્કી જોબવર્ક્સ નામની દુકાનમાંથી કાપડના તાકા કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

દાણીલીમડાઃ રફિકભાઇ મહેબુબભાઇ અજમેરવાલા (રહે. વેરાઇમાતાની પોળ અસ્ટોડીયા ચકલા કાજીના ધાબા જમાલપુર) એ તા.૦૩/૦૮/૨૦૨૧ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૭/૨૦૨૧ સાજના ૭/૩૦ થી તા.૨૮/૦૭/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન દાણીલીમડા બેરલ માર્કેટ સિકંદર માર્કેટ કોલસાગાડી ખાતે અજમેરવાલા સ્કીમ પ્રીંટ નામના કારખાનાના શૌચાલયની સિમેંટની બારી તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કાપડ કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પિ.ગરાસીયા ચલાવે છે.

ચાંદખેડાઃ આશુતોષ રાજકુમાર મુગ્દીલ (રહે. ઇડન ગોદરેજ ગાર્ડન સીટી, જગતપુર, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૮/૨૦૨૧ સવારના ૧૧/૦૦ થી સાજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૪૧૭/૨૦૨૧**

વટવા જીઆઈડીસીઃ જીઆઇડીસી વટવા ફેઝ-૧ ખાતે આવેલ લાકોના રીએક્શન કંપનીમાં મજુરી કામ કરતા અને ત્યા જ રહેતા લસિયા ખાતુ ડીંડોર (ઉ.વ.૪૬) (મુળ વતન. ગામ-ઘાટા તા-કુશલગઢ જી-બાંસવાડા રાજસ્થાન) તા.૦૩/૦૮/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે કંપનીમાં ચોથા માળે ટોલી લીફ્ટ મારફતે લોખંડના પતરાના ફર્મા ચઢાવતા હતા ત્યારે ટ્રોલી લીફ્ટ તુટી જતા ગંભીર ઈજા થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.વિરજા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૪૧૮/૨૦૨૧**

રખિયાલઃ ચંદ્રકાંત મહેશભાઇ રાઠોડ (ઉ.વ.૩૪) (રહે. સંતવિનોબાભાવેનગર રખિયાલ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૮/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ધાબા ઉપર પાઈપ સાથે ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કૈલાસકુમાર નારાયણસિંહ ચલાવે છે.

ઘાટલોડીયાઃ રશ્મીકાંત ચીનુભાઇ શાહ (ઉ.વ.૫૫) (રહે. પ્રતિક્ષા એપાર્ટમેન્ટ સોલા રોડ નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૮/૨૦૨૧ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષકુમાર દલસંગભાઇ ચલાવે છે.

માધવપુરાઃ હર્ષદ સિયારામ ગુપ્તા (ઉ.વ.૩૬) (રહે. પટેલ સોસાયટી લલિત પેલેસ સામે શાહીબાગ) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૦૩/૦૮/૨૦૨૧ કલાક ૮/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં વિજ વાયર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશકુમાર ગોરાભાઇ ચલાવે છે.

નારોલઃ વિશાલ ચિતરંજનભાઇ રાવલ (ઉ.વ.૪૩) (રહે. પાર્ટ-૧ પ્રેરણા સોસાયટી નમ્રતા સોસાયટી પાછળ ઇસનપુર-નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૮/૨૦૨૧ કલાક ૭/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી